પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૧૯ | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; પોષ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આકરા નિર્ણયો માટે પૂર્ણ બહુમત જરૂરી : મોદી

**વડાપ્રધાને સુરતમાં નવા એરપોર્ટ ટર્મિનલ બિલ્ડિંગનું અને વિનસ હોસ્પિટલનું લોકાર્પણ કર્યું : ભવિષ્યમાં સૂરતનો શહેરનો સમાવેશ વિશ્વના ટોપ ૧૦ શહેરોમાં થશે : આવનારો સમય સુરતનો જ છે : નોટબંધીથી મધ્યમ વર્ગને ફાયદો થયો : ગઠબંધનવાળી સરકારોના કારણે દેશ પાછળ રહી ગયો છે : સુરતનો વિકાસ અમને દેખાયો એમને નહી : મોદી**



સુરત,તા.૩૦

સુરત શહેરમાં ૪૨૧ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ ૬૩૬ કરોડના પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અર્થે પીએમ મોદી સુરત એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. અને પીએમ મોદીએ સુરત એરપોર્ટ ખાતેથી નવા એરપોર્ટ ટર્મિનલ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત સહિત ૧૦૫૮ કરોડના પ્રોજેક્ટનું ઓનલાઈન ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

સૂરત ખાતેથી મોદીએ શંખનાદ કરતા કહ્યું કે, આવનારો સમય સૂરત શહેરનો હશે, અને ભવિષ્યમાં સૂરતનો શહેરનો સમાવેશ વિશ્વના ટોપ ૧૦ શહેરોમાં થશે. હીર-કાપડ ઉદ્યોગથી મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન મળ્યું છે. સૂરત દેશની અર્થવ્યવસ્થામાં ચાર ચાંદ લગાવશે. ભવિષ્યમાં સૂરતમાં રોકાણ વધારાશે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી દેશના ૧૭ એરપોર્ટ્સને અપગ્રેડ કરવામાં આવ્યાં છે. 'ઉડાન' યોજના અંતર્ગત ૪૦ એરપોર્ટ જોડાયા છે. હવાઈ ચંપલ પહેરનારા લોકો પણ હવાઈ યાત્રા કરી શકશે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે હવે પાસપોર્ટ માટે મોટા શહેરમાં ધક્કા નહીં ખાવા પડે. એટલું જ નહીં પાસપોર્ટના નિયમો પણ સરળ બનાવવામાં આવશે. ઘરના ઘરે અંગે નિવેદન આપતા મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસના વડપણ હેઠળની યુપીએ સરકારે ૨૫ લાખ ઘર બનાવ્યા હતા. અમારી એનડીએ સરકાર એક કરોડ અને ૩૦ લાખ ઘર બનાવ્યા છે. ૩૫ લાખ ઘરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, તેમજ ૭૦ લાખ ઘરોને મંજૂરી આપવામાં આવી છે.

મોદીએ તેમના સંબોંધનમાં કહ્યું કે,નોટબંધી બાદ મકાનોના ભાવમાં ઘટાડો થયો છે, અને નોટબંધીથી મધ્યવર્ગને ફાયદો થયો છે. મધ્યમવર્ગના પરિવારને ઘર બનાવવામાં થશે ૬ લાખની બચત થશે. લોકોને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે, અમે નવા ભારતની નવી ઉર્જાને વિકાસ સાથે જોડી રહ્યા છીએ અને નવા ભારતના નિર્માણ તરફ કામ કરી રહ્યા છીએ. પૂર્ણ બહુમતવાળી સરકારની જવાબદારી વધી જાય છે. આવી સરકાર કઠોર નિર્ણય લઈ શકે છે. ગઠબંધનવાળી સરકારોના કારણે દેશ પાછળ રહી ગયો છે.

એક જનસભા સંબોધન કરતા તેમણે આગામી લોકસભાની ચુટણી માટે પૂર્ણ બહુમતી માટે સરકારનું તિર છોડ્યું છે. તેમણે સંબોધનમાં જણાવ્યું છે કે ૨૦૧૪ની લોકસભા ચુટણીમાં ભારતીય જનતા પક્ષને પૂર્ણ બહુમતી મળવાના કારણે દેશમાં પરિવર્તનનો સમય ચાલી રહ્યો છે. પૂર્ણ બહુમતની સરકાર આવવાથી

● અનુસંધાન પાન-૭ પર

## મોદીના ભાષણ વેળા કેમેરામેન બેભાન : મોદીએ ભાષણ રોકી દીધું

સુરત, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના સુરતમાં નવા ટર્મિનલની આધારશીલા મુકવા માટે પહોંચ્યા હતા. શિલાન્યાસ બાદ મોદી ભાષણ કરી રહ્યા હતા ત્યારે કેમેરામેન બેભાન થઈ ગયા હતા. મોદીએ તરત જ ભાષણ અટકાવ્યું હતું અને કેમેરામેન માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવા માટે અધિકારીઓને આદેશ કર્યા હતા. કેમેરામેનનું નામ કિશન રમોલિયા હોવાનું જાણવા મળ્યું છે. કેમેરામેનને હોસ્પિટલમાં લઈ જવાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાષણ આગળ વધાર્યું હતું.

## દાંડી ખાતે નમક સત્યાગ્રહ સ્મારક રાષ્ટ્રને સમર્પિત

**નવસારી જિલ્લામાં સ્થિત મેમોરિયલમાં મહાત્મા ગાંધીની પ્રતિમા અને સત્યગ્રહિઓની પ્રતિમા : ઇતિહાસનો ઉલ્લેખ : સ્મારક આવનાર દિવસોમાં તીર્થસ્થળ : મોદી**



સુરત, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પુણ્યતિથિએ ગુજરાતમાં દાંડી ખાતે નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. નમક સત્યાગ્રહનું મેમોરિયલ રાષ્ટ્રને અર્પણ કર્યા બાદ મોદીએ આના સંદર્ભમાં તમામ બાબતોની વાત કરી તી. જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે, દેશમાં નકારાત્મક વિચારવાળો એક વર્ગ રાષ્ટ્રિપિતા મહાત્મા ગાંધીના સમયથી છે. મોદીએ કહ્યું હતું કે, ગાંધીના નમક સત્યાગ્રહને પણ કેટલાક લોકો એ વખતે માનતા ન હતા પરંતુ આ નમક સત્યાગ્રહના કારણે જ અંગ્રેજો દેશ છોડીને જતા રહ્યા હતા. મોદીએ દાવો કર્યો હતો કે, ગાંધીજીના વિચારોને અમર કરતુ સ્મારક આવનાર દિવસોમાં એક તીર્થક્ષેત્ર તરીકે સાબિત થશે અને લોકોને રોજગારી આપવા માટેનું નવું પ્રવાસન સ્થળ બનશે. તેમણે કહ્યું હતું કે, દાંડી મીઠાના સત્યાગ્રહના કારણે દેશ અને દુનિયાના લોકોની ભારત તરફની વિચારસરણી બદલાઈ હતી. પશ્ચિમના લોકોને પણ ગાંધીની વાત ગમી ગઈ હતી. દુનિયાએ નોંધ લેતા ગાંધીજીનો ફોટો ૧૯૩૦માં ટાઈમ મેગેઝિને કવર પર પ્રકાશિત કર્યો હતો અને પર્સન ઓફ દ યર બન્યા હતા. માત્રા વિરોધથી આંદોલન શક્ય ન બન્યું હોત પરંતુ યાત્રાના કારણે લોકોમાં એકતા વધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ઈઝરાયેલના પ્રધાનમંત્રી ભારતની મુલાકાતે આવશે

ઈઝરાયેલી પ્રધાનમંત્રી બેન્જામીન નેતયાહૂ ૧૧ ફેબ્રુઆરીના રોજ એક દિવસીય યાત્રા પર ભારત આવી રહ્યા છે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાર્તાલાપ કરશે.

### આઈએએસ અધિકારી બી. ચંદ્રકલાની પુછપરછ

ઉત્તરપ્રદેશમાં થયેલ ગેરકાયદે ખાણકામ મામલે સીબીઆઈએ આઈએએસ અધિકારી બી. ચંદ્રકલાની પુછપરછ શરૂ કરી છે. તેઓ પર નિયમોનો ભંગ કરી કોન્ટ્રાક્ટ આપવાનો આરોપ છે. આ અગાઉ સીબીઆઈની ટીમ તેમના નોઈડા સ્થિત મકાનની તલાશી પણ લઈ ચીકી છે.

### બ્રિટનમાં રેકોર્ડબ્રેક બરફવર્ષા


ભારત, અમેરિકા અને બ્રિટન સહિત વિશ્વના અનેક દેશોમાં આ વર્ષે ઠંડીએ અનેક વર્ષોના રેકોર્ડ તોડી નાંખ્યા છે. આર્કટીક બ્લાસ્ટના કારણે સમગ્ર બ્રિટન બરફની સફેદ ચાદરમાં ઢંકાઈ ગયુ છે. સમગ્ર યુકેમાં યલો વેધર વોર્નિંગ જાહેર કરાઈ છે.

### કુલગામમાં આતંકી હુમલો

જમ્મુ-કાશ્મીરના કુલગામના હાંજીપોરામાં આતંકવાદીઓએ એક પોલીસ સ્ટેશન પર હુમલો કરી દીધો હતો. ગ્રેનેડ વડે કરવામાં આવેલા હુમલામાં ત્રણ સ્થાનિક નાગરીકો ઘાયલ થયા છે. પોલીસે તમામ વિસ્તારને ઘેરી લઈ આતંકીઓની શોધખોળ શરૂ કરી છે.

### કાર્તિ ચિદમ્બરમને વિદેશ જવા અનુમતિ

ઉચ્ચતમ ન્યાયાલયે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમના દિકરા કાર્તિ ચિદમ્બરમને વિદેશ જવા પરવાનગી આપી દીધી છે. ૧૦ કરોડ રૂપિયા કોર્ટની રજીસ્ટ્રીમાં જમા કરાવવાની શરતે તેઓને મંજુરી મળી છે.



શ્રદ્ધાસુમન - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધી સહિત અનેક મહાનુભાવોએ રાજઘાટ પહોંચી પૂજ્ય બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. દેશભરમાં ગાંધી નિર્વાણ દિને વિવિધ કાર્યક્રમો અને પ્રાર્થના સભાઓ દ્વારા પૂજ્ય બાપુને સ્મરણાંજલિ અર્પણ કરાઈ હતી...

## રાહુલ ગાંધી સાથે ચર્ચા વેળા રાફેલનો મુદ્દો ઉઠ્યો ન હતો : પારિકર

નવી દિલ્હી, તા. ૩૦


કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી રાફેલ ડિલને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ફરી એકવાર પ્રહાર કર્યા છે. દિલ્હીમાં યુથ કોંગ્રેસના એક કાર્યક્રમને સંબોધતા રાહુલે કહ્યું હતુ કે, રાફેલ મુદ્દાના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉંઘ હરામ થઈ ગઈ છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, મોદીએ રાફેલ ડિલને બદલતી વેળા સંરક્ષણમંત્રીને પણ કોઈ વાત કરી ન હતી. રાહુલે કહ્યું હતું કે, તેઓ હાલમાં જ મનોહર પારીકરને મળ્યા હતા. પારીકરે પોતે કહ્યું હતું કે, ડિલમાં ફેરફાર કરતી વેળા વડાપ્રધાને ભારતના એ વખતના સંરક્ષણંત્રી સાથે વાત કરી ન હતી. બીજી બાજુ ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરે રાહુલ ગાંધીના આક્ષેપોને રદિયો આપ્યો છે. આજે તેઓએ એક પત્ર મારફતે રાહુલના આક્ષેપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે, તેમને ખુબ જ નિરાશા હાથ લાગી છે. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધી આ મુલાકાતને પોતાન રાજકીય ફાયદા માટે ઉપયોગ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ તેમની સાથે પાંચ મિનિટ ગાળ્યા હતા. આ ગાળા દરમિયાન રાફેલનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો.

# આર્કટિકના તીવ્ર પવનથી ઉત્તર ભારત ઠંડુગાર

**કાતિલ ઠંડી અને ધુમ્મસના લીધે ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ : રાજસ્થાનના ચુરુમાં પણ માઇનસમાં તાપમાન પહોંચ્યું છે : પોલર વોર્ટેક્સના કારણે માઠી અસર : પહેલગામ અને કેલોંગમાં માઇનસ ૧૬ સુધી તાપમાન**

નવી દિલ્હી,તા. ૩૦

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી ફરી એકવાર જોવા મળી રહી છે. ખાસ કરીને પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર ચંદીગઢમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીના કારણે ટ્રેન અને વિમાની સેવા ઠપ થઈ ગઈ છે. રાજસ્થાનના ચુરુમાં તાપમાન માઈનસ ૧.૧ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગના અધિકારીઓએ કહ્યું છે કે, કોલર વોર્ટેક્સના કારણે યુરોપ અને અમેરિકામાં જે રીતે ઠંડી પડી રહી છે. તેની અસર અહીં પણ જોવા મળી રહી છે. આર્કટિકની ઠંડી હવાના કારણે ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જમ્મુ કાશ્મીરના પહેલ ગામમાં માઈનસ ૧૩.૭, કેલોંગમાં માઈનસ ૧૬.૨, સિમલામાં ૦.૮, મુક્તેશ્વર માઈનસ ૧.૮, રાજસ્થાનના ચુરુમાં માઈનસ ૧.૧, માઉન્ટ આબુમાં શૂન્ય ડિગ્રી તાપમાન થયું છે. ધુમ્મસના કારણે દિલ્હી આવતી ૨૧ ટ્રેનો મોડેથી દોડી રહી છે. આર્કટિકના ઠંડા પવનના કારણે માઠી અસર થઈ હોવાનુ જાણકાર લોકો કહી રહ્યા છે. હજુ હિમવર્ષા જારી રહી શકે છે. દિલ્હી-એનસીઆરમાં ધુમ્મસ અને ઠંડીના કારણે લોકોની હાલત આજે ફરી એકવાર કફોડી બની ગઈ છે. ધુમ્મસના કારણે દિલ્હીથી દોડનાર ૨૧ ટ્રેનો લેટ ચાલી રહી છે. જ્યારે ચાર ટ્રેનના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે.









# વસંત પંચમીથી રામ મંદિર માટે અયોધ્યા કૂચ

**૨૧મી ફેબ્રુઆરીના દિવસે શિલાન્યાસ કરાશે : કુંભમાં ધર્મસંસદની બેઠકમાં સંતોની ઉપસ્થિતિમાં નિર્ણય**

પ્રયાગરાજ,તા.૩૦

પ્રયાગરાજમાં આજે વિશ્વ હિન્દુ પરિષદની ધર્મસંસદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રામ મંદિર માટે વસંત પંચમીથી અયોધ્યા કૂચનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સાથે સાથે ૨૧મી ફેબ્રુઆરીના દિવસે અયોધ્યામાં રામ મંદિર માટે શિલાન્યાસ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ધર્મસંસદના અંતિમ દિવસે જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જેમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. વસંત પંચમીના દિવસે સાધુ સંતો પ્રયાગરાજથી અયોધ્યા પહોંચશે. આ નિર્ણયથી જોડાયેલા ધર્માદેશ પર શંકરાચાર્ય સ્વામી સ્વરુપાનંદ સરસ્વતી મહારાજે હસ્તાક્ષર કર્યા છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ મહારાજે કહ્યું, મંદિર તોડનારી સરકાર રામ મંદિરનું નિર્માણ ના કરાવી શકે. આ માટે અમે ૨૧ ફેબ્રુઆરીના રોજ અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય રામમંદિરનું શિલાન્યાસ કરશે. વસંત પંચમી (૧૦ ફેબ્રુઆરી) બાદ અમે સંત પ્રયાગરાજથી અયોધ્યા માટે કૂચ કરીશું. આ માટે અમારે ગોળી પણ ખાવી પડે તો અમે પીછેહઠ નહીં કરીએ. જે પ્રકારે શીખોના ગુરૂ ગોવિંદ

● અનુસંધાન પાન-૭ પર